# વામણા નેતાઓને કારણે સ
# જૂનાગ

















### જૂનાગઢ એક ઐતિહાસિક શહેર

સોરઠનું પાટનગર અને નરસિંહ મહેતાની નાગરી એવું જૂનાગઢ શહેર સાચા અર્થમાં ઐતિહાસીક નગરી છે. રાજા-રજવાડા અને નવાબી શાસનકાળ સમયની સોનેરી યાદોને જીવંત કરતી અનેક યાદો અને સંભારણા આ શહેરમાં રહેલા છે. ઉપરકોટનો સુપ્રસિધ્ધ કિલ્લો કે જે નવા રૂપરંગ ધારણ કરી અને ઉદઘાટનની રાહ જોઈ રહયો છે. તો બીજી તરફ શહેરમાં એવી સંખ્યાબંધ ભવ્ય ઈમારતો છે જે નવાબી શાસનકાળના સુવર્ણ દિવસોની યાદ અપાવે છે. પરંતુ આજે આ ભવ્ય ઈમારતો જાળવણીનાં અભાવે પડું પડું થઈ રહી છે. અગાઉ જયાં દિવાન ચોકમાં અનેક કચેરીઓ આવેલી હતી તે બિલ્ડીંગ આજે ખંઢેર બની ગયું છે. નવાબનો દરબાર જયાં ભરાતો હતો તે મ્યુઝીયમને પણ ત્યાંથી સ્થળાંતર કરી અને સરદારબાગ ખાતે ખસેડવામાં આવેલ છે. જેને કારણે આજે દિવાન ચોકની ગરીમા ઝાંખી પડી છે. અને મ્યુઝીયમનું મકાન જે પડતર હાલત છે તેની હાલત પણ અત્યંત દયનીય છે. જૂનાગઢ શહેરમાં અનેક એવી ઈમારતો છે જેનું નિર્માણ હવે લગભગ અશકય છે ત્યારે જે વિરાસત છે તેને બચાવી લેવી જોઈએ. જૂનાગઢનાં જ આંગણે આ ઈમારતો હાલ જે અવસ્થામાં ઉભેલી છે તેનું રીનોવેશન કરી નવા રૂપરંગ આપવાની પ્રજામાંથી માંગણી ઉઠી છે.

### પ્રવાસનની દ્રષ્ટીએ જૂનાગઢ

જૂનાગઢનાં અનેક ઐતિહાસીક સ્થળો આવેલા છે. સુપ્રસિધ્ધ સ કકરબાગ ઉપરાંત ધાર્મિક જગ્યાઓની નગરી એવા ભવનાથ તિર્થક્ષેત્ર, ઉપલા દાતાર બાપુની જગ્યા, અંબાજી માતાજીનું મંદિર તેમજ ગિરનાર રોપવેની સુવિધા આ શહેરને ઉપલબ્ધ બની છે ત્યારે પ્રવાસી જનતાનો ઘસારો વર્ષા દરમ્યાન સતત રહે છે. અહીં શિવરાત્રીનો મેળો, પરીક્રમાનો મેળો પણ ભરાય છે. અને આ મેળામાં ૧૦ લાખથી વધુ લોકો ઉમટી પડે છે. અહીં આવતા પ્રવાસીઓને સુવિધા મળે તેવું કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર આ શહેરમાં નથી. બહાર ગામથી આવનારા પ્રવાસીઓ વિવિધ સ્થળોની મુલાકાત લે છે. પરંતુ રહેવા માટેની યોગ્ય વ્યવસ્થાનાં અભાવે પ્રવાસીઓ આ શહેરમાં લાંબો સમય રોકાણ કરતા નથી.

### જૂનાગઢનું ઘરેણું : સાસણ ગીર

જૂનાગઢ જીલ્લાની ઓળખ બની ગયેલું સાસણ ગીરથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. દેશ વિદેશના પ્રવાસીઓ અહીં વર્ષભર આવતા રહે છે. એશિયાટીક લાયન્સનું ઘર સાસણ ગીર પહોંચવાના માર્ગો અને ઈન્ફ્રાસ્ટ્રકચર વર્લ્ડ કક્ષાના હોવા જોઈએ. પરંતુ અહીંયા આવનારા પ્રવાસીઓની હંમેશા એ ફરીયાદ રહી છે કે જૂનાગઢથી સાસણ અને વેરાવળ સુધીનો રોડ અકસ્માત ઝોન બની ગયો છે. તહેવારો અને વેકેશનની સિઝનમાં સાસણ ગીર પ્રવાસીઓથી ઉભરાઈ જાય છે ત્યારે માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાય આવે છે. એટલું જ નહીં

# મસ્યાઓનું ગઢ બની ગયેલું
# ઢ શહેર














પ્રવાસીઓનો અનેક કડવા અનુભવો થાય છે. જેમાં હોટલો દ્વારા લેવામાં આવતા બેફામ ભાડા વધારાની લુંટનો ભોગ પ્રવાસીઓ બને છે. ત્યારે આ દિશામાં ચોકકસ કાર્યવાહી થવી જરૂરી છે. સાસણ ગીર સુધી પહોંચવાનો માર્ગ ફોરટ્રેક હોવો જોઈએ. ટુરીસ્ટ સર્કીટ હોવી જોઈએ. જેથી સીધા જૂનાગઢથી સાસણ-સોમનાથ-દીવ, દ્વારકા સાથે કનેટીવીટી મળવી જોઈએ. પરંતુ તેની માત્ર વાતો જ થાય છે. એ દિશામાં કોઈ કાર્યવાહી થતી નથી.

**જૂનાગઢ : એજયુકેશનનું હબ**

જૂનાગઢ શહેર એજયુકેશનનું હબ બની ગયુંછે. પેથલજીભાઈ ચાવડા, મો.લા. પટેલ, નાનજીભાઈ વેકરીયા, ડો.હરીભાઈ ગોધાણી જેવા ધુરંધર શિક્ષણવિદોએ અનેક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી છે અને આજે આ સંસ્થાઓ વટવૃક્ષ બની ગઈ છે. જૂનાગઢની પોતાની નરસિંહ મહેતા યુનિવર્સીટી કાર્યરત છે. તો જૂનાગઢમાં જ ડો. સુભાષ યુનિ., નોબલ યુનિ. જેવી યુનિવર્સીટીઓ કાર્યરત છે. અને આ શહેરનાં શિક્ષણ ગુરૂઓ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ ઘર આંગણે મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેને લઈને એજયુકેશનની દ્રષ્ટીએ આ શહેરનો દબદબો છે.

**પ્રજાના બની બેઠેલા કહેવાતા પ્રતિનિધિઓએ માત્ર ફોટા પડાવવાને બદલે એક એક પૈસાનો હિસાબ આપવો જોઈએ**

જૂનાગઢ મહાનગરપાલિકા બન્યાને બે દાયકા જેટલો સમય વીતિ ગયો છે પરંતુ શહેરને મળતી સુવિધાઓ નગરપાલિકા સ્તરથી પણ ઉતરતી કક્ષાની છે. જૂનાગઢ મનાપામાં અપવાદ સિવાય ભાજપનું એકચક્રી શાસન રહયું છે. હાલમાં પણ સંપૂર્ણ બહુમતી છે પરંતુ આ શહેરમાં લાઈટ, રસ્તા, ગટર, આરોગ્ય સહિતની સુવિધાઓ સદંતર ખાડે ગઈ છે. લોકો ભારે મોટા કરવેરાના બોજ હેઠળ દબાયેલા છે. તેમજ ખોબલે ને ખોબલે મતો આપી ભાજપને સંપૂર્ણ બહુમતી આપી હોવા છતાં પણ વિકાસનાં કોઈ કામો નકકર કે નિષ્ઠાવાન રીતે થઈ શકયા નથી તેનું દુઃખ જનતાનાં હૈયે છે. ગત જુન માસમાં વરસાદી હોનારત સર્જાઈ હતી જેને લઈને ભારે ખાનાખરાબી સર્જાઈ અને કરોડો રૂપિયાનું નુકશાન થયું છે. અને તેના જવાબદારો હજુ ખુલ્લેઆમ ફરી રહયા છે. તપાસ સમીતી નિમાય છે, સર્વે થાય છે, પરંતુ ગેરકાયદેસર બાંધકામો કરનારાઓનો વાળ પણ વાંકો કરી શકવાની તાકાત સંબંધિતોને નથી તેવું જાણકાર સુત્રોમાં ચર્ચાઈ રહયું છે.

**ભાડાનાં મકાનમાં રહેતા નેતાઓ આજે સત્તાસ્થાને બેસી મહેલોમાં મહાલે છે**

એક સમય એવો હતો કે નગરપાલિકા અને ત્યારબાદ મહાનગરપાલિકા બની ત્યાં સુધી જૂનાગઢ શહેરનાં કહેવાતા પ્રજાનાં સેવકો, નગર સેવકો કે પોતાની જાતને ટોચના નેતા સમજતા આવા કથિત નેતાઓ ભૂતકાળમાં ભાડાનાં મકાનમાં રહેતા હતાં તેઓ આજે મહેલોમાં રહે છે અને ગાડીઓમાં ફરે છે. તેઓને ફકત નાણાં કમાવવા સિવાય બીજો કોઈ રસ ન હોય તેવું લાગે છે, પ્રજા જાય ખાડામાં આપણે તો આપણું કરો તેવી કહેવતને આ નેતાઓ સાર્થક કરી રહયા છે. જેને લઈને નદીના વહેણો વોંકળા ઉપર ગેરકાયદેસર બાંધકામોનાં ખડકી દીધા છે જેને લઈને લોકોને ભારે વરસાદનાં સમયે ખુબ જ મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે.

**જૂનાગઢ શહેરમાં રખડતા ઢોર અને કુતરાઓની સમસ્યા**

સમગ્ર જૂનાગઢ શહેરમાં ઠેક ઠેકાણે રખડતા ઢોર, કુતરાઓની સમસ્યા રહેલી છે. અને આ સમસ્યાનો ભોગ જનતા બની રહી છે. એટલું જ નહી જૂનાગઢ શહેરમાં જાહેર માર્ગો રખડતા ઢોરના કાયમી નિવાસ સ્થાન બની ગયા છે. અનેક વિસ્તારોમાં મુખ્ય માર્ગો ઉપર કે સોસાયટી, મ્હોલામાં રખડતા ઢોર ટોળે વળીને બેઠા હોય છે. અને જયારે કોઈ હડફેટે આવે તેને ઢીંકે ચડાવે છે. જેને કારણે નિર્દોષ વ્યકિતઓ ઘણીવાર મોતના મુખમાં ધકેલાય ગયાનાં દાખલા છે.

**જૂનાગઢ શહેરમાં સાત-સહેલી જેવા રેલ્વે ફાટકોની સમસ્યા**

જૂનાગઢ શહેરમાં ટ્રાફીકની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બનતી જાય છે. અને આ સમસ્યાઓનાં ગંજ વચ્ચે જૂનાગઢ શહેરમાં સાત સહેલીયા સમા ફાટકોની સમસ્યાથી પણ જનતા માટે બોજ બની મંડાયેલી છે. અનેકવાર આ ફાટકોને મુકત કરવા માટેની યોજના ગુજરાત સરકાર દ્વારા જારી કરવામાં આવી છે. પરંતુ તેનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો નથી. અને હજુ આ સમસ્યા જેમની તેમ પડેલી છે. મીટર ગેજ લાઈનમાંથી બ્રોડગેજ લાઈન કરવા માટે રેલ્વે વિભાગ માસ્ટર પ્લાન ઘડી કાઢયો છે. પરંતુ તેમાં પણ અનેક ટેકનીકલી ક્ષતિઓ છે. આ ઉપરાંત વૈભવ ફાટક અને બસ સ્ટેશન પાસે પણ ઓવરબ્રીજ બનાવવાની યોજના ઘણા સમય પહેલા હતી અને પ્લાન-નકશા બનાવવામાં આવ્યા હતાં. પરંતુ આ યોજનાનું શું થયું તે ખબર નથી.

**ઐતિહાસીક ઈમારતો - બિલ્ડીંગો પડી જવાના આરે**

જૂનાગઢ શહેરમાં વિવેકાનંદ સ્કુલનું જુનુ બિલ્ડીંગ, એજી સ્કુલનું બિલ્ડીંગ, ગર્લ્સ સ્કુલનું બિલ્ડીંગ તેમજ જુની સરકારી હોસ્પીટલ સહિતનાંઅનેક બિલ્ડીંગો આજે જર્જરીત અવસ્થામાં છે. આ ઉપરાંત શહેરની ૧૨૫ વર્ષ પહેલા બનેલી બહાઉદીન કોલેજ, આર્યુવેદીક કોલેજ, નરસિંહ વિદ્યા મંદિર વગેરેની પણ જાળવણી કરવાની છે. જૂનાગઢ શહેરમાં બહારથી આવતા વિદ્યાર્થીઓને મકાનો ભાડે લેવા પડે છે તેના બદલે બહાઉદીન કોલેજની મનોરંજન ગેસ્ટ હાઉસ પાસે આવેલી બોર્ડીંગનાં મકાનોને રીપેર કરી અને ત્યાં વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા ઉભી કરવાની માંગણી ઉઠી છે.

**તળાવોના રીનોવેશનની કામગીરી**

જૂનાગઢ નરસિંહ મહેતા સરોવરનું બ્યુટીફીકેશનની કામગીરી અંતર્ગત આ તળાવને સાંકળુ કરી દેવાની ફરીયાદો ઉઠી છે. આ ઉપરાંત ભવનાથ ખાતે આવેલું સુદર્શન તળાવ, વાઘેશ્વરી તળાવ, મોતીબાગ ખાતે આવેલુ પરીતળાવ વગેરેને નયનરમ્ય બનાવવા માટેની કામગીરી અને યોજના કરવા માટે નકકર આયોજન કરવા માટેની માંગણી આમ જનતામાંથી ઉઠવા પામી છે.

**સરકારી હોસ્પીટલમાં આરોગ્ય સુવિધાનો વધારો કરવા માંગ**

જૂનાગઢ ખાતે કરોડોના ખર્ચે બનેલી સરકારી હોસ્પીટલમાં આરોગ્ય સુવિધાનો વધારો કરવા માટેની માંગણી ઉઠી છે. અહીં આવનારા પ્રત્યેક દર્દીને યોગ્ય સુવિધા અને શ્રેષ્ઠ સારવાર માટે પ્રયાસો હાથ ધરવા લોક લાગણી વ્યાપક બની છે.

**રમત-ગમત માટે યોગ્ય સ્પોર્ટસ સંકુલનો અભાવ**

જૂનાગઢ શહેરનો વિવિધ ક્ષેત્રમાં દબદબો રહયો છે ત્યારે રમતગમત માટે પણ આ શહેરનાં વિદ્યાર્થીઓ પોતાનુ કૌવત દાખવી શકે તે માટે સ્પોર્ટસ એકેડમી અને ક્રિકેટ સ્ટેડીયમ બનાવવની માંગણી ઉઠવા પામી છે.

**જૂનાગઢમાં મોટો ઉદ્યોગ સ્થાપવા બુલંદ માંગણી**

આઝાદીના ઈતિહાસકાળથી લઈને અત્યાર સુધીમાં જૂનાગઢ શહેરમાં કોઈ એવો મોટો ઉદ્યોગ નથી કે જેને લઈને ત્રણ પાળીમાં દસ થી પંદર હજાર લોકોને રોજગારી મળી શકે. આપણે જયારે વિદેશોની ધરતી ઉપર સહેલગાહે જઈએ છે ત્યારે આપણા સ્નેહીજનો દ્વારા આપણને કાયમી યાદગારી માટે ભેટ સ્વરૂપે કોઈને કોઈ ગીફટ આપે છે ત્યારે આ શહેરમાં આવતા લોકોને કાયમી સંભારણા રૂપે ગિરનારની પ્રતિમાનું ચિત્ર સ્મૃતિ ચિન્હ રૂપે ભેટમાં આપવામાં આવે તો તેને લઈને અનેક કલાકારોને રોજગારી પ્રાપ્ત થશે. અને જેને માટે કંઈક કરી છુટવા માંગણી ઉઠી છે.

**છેલ્લે...**

જૂનાગઢ શહેરમાં અનેક સમસ્યા, અનેક પ્રશ્નો રહેલા છે પરંતુ આ સમસ્યાઓનાં ઉકેલ માટે માત્ર અખબારી નિવેદનોથી કે એક પ્રેસનોટ આપવાથી કામ થવાનું નાથી તેના માટે લોકોએ જ અભિયાન ચલાવવું પડશે.

